જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૪/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૭૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૬૧	૬	૧૧૩૬૭	૧૭૪૮૧	૬	૧૭૪૮૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૬	૦	૭૬	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૩૯૦૪	૨૯૬	૩૪૨૦૦	૩૫૨૫૦	૨૮૫	૩૫૫૩૫
કુલ		૫૦૦૪૬	૩૦૨	૫૦૩૪૮	૫૯૨૪૬	૨૯૧	૫૯૫૩૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૫	૮,૩૪,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૩૧	૧૪,૩૧,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૭૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ, ૨૮૬ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૭૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૬૭૮/૨૦૨૧**

નારોલઃ અસ્ફાક રહમુદ્દીન અંસારી (ઉ.વ.૪૦) (રહે. એવન ડુપ્લેક્ષ સંજરી પાર્ક પાસે બાગે કૌશર નારોલ) તા.૦૫/૦૪/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે નારોલ ખાતે શેરડીના રસનું મશીન ચલાવી શેરડીનો રસ કાઢતા હતા ત્યારે માસ્ક તરીકે પહેરેલ રૂમાલ શેરડીના ચાલુ મશીનમાં ખેચાઇ જતા ગળેફાસો થઈ જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, દરમ્યાન કોરોનાનો ભોગ બનતા બારસો બેડ સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર દરમ્યાન તા.૧૨/૦૪/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ ભગવતસિહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૭૯/૨૦૨૧**

બાપુનગરઃ રાહુલ ભરતસિહ ઠાકુર (ઉ.વ.૨૪) (રહે. બ્લોક નંબર ૭૭૯/૫૫૫૦ ગુજરાત હાઉસીંગ બોર્ડ ખોડીયાર મંદીર સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર જગદીશપ્રસાદ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી